# પરિપત્ર

પત્રક્રમાંક:મઉમશબ/પરીક્ષા/SSC/HSC ૪૩૫
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.
તા:- ૨૧/૦૧/૨૦૧૯

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ. (ગુજરાત રાજય)

**વિષય**:- બોર્ડની કામગીરી બદલ ફરજ પર ગણવા બાબત.
**સંદર્ભ**:- તા.૧૨/૧૦/૨૦૧૮ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સામાન્ય સભાની બાબત ક્રમાંક:-૧૭/૨૦૧૮ અન્વયે.

મહાશય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ગુ.મા અને ઉ.મા. શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા S.S.C. / H.S.C. પરીક્ષામાં પરીક્ષાર્થીએ કરેલ ગેરરીતિ બદલ ખંડ નિરિક્ષક, સ્થળ સંચાલકોને જિલ્લા મથકે જિલ્લાશિક્ષણાધિકારીની ઓફિસે અને ગાંધીનગર ખાતે ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની ઓફિસે રૂબરૂ હિયરીંગમાં નિવેદન માટે બોલાવવામાં આવે છે. ગેરરીતિ સબબ પકડાયેલા વિદ્યાર્થી સામે ખંડ નિરીક્ષક સ્થળ સંચાલકના નિવેદનનો અગત્યનો આધાર પુરાવો હોવાથી તેમજ સ્થળ સંચાલકો તથા ખંડ નિરીક્ષકોની નિષ્કાળજી બદલ તેમની સામે પગલાં લેતા અગાઉ તેમને સાંભળવાની તક ઉપલબ્ધ કરાવી શકાય તે માટે તેઓને રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે તેઓની શાળામાં ગેરહાજરીને D.L. (ફરજ પર ગણવા) ગણવી. તેવો નિર્ણય બોર્ડ દ્વારા કરવામાં આવેલ છે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવી. અને તે મુજબ કાર્યવાહી કરવા શાળાઓને જાણ કરવાની રહેશે.

ક્રમાંક /માધ્ય-૭/૨૦૧૯/૪૮૨૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૨૪-૦૧-૨૦૧૯

નકલ રવાના જાણ તથા અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, સ્વનિર્ભર
શાળાઓ મા. અને ઉ.મા.
વિભાગ બ.કા. જિલ્લો,